ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



વૈશાખી વાયરા - વૈશાખના મધ્યમાં તેજ ગતિનો પવન આજકાલ શહેરના વાતાવરણને બદલી નાખે છે... ગાંધીનગર રેતાળ પ્રદેશ હોવાને કારણે વૈશાખની સમી સાંજે તેજ ગતિના પવનની સાથે ધૂળની ડમરીઓ ઉડે છે... અગાઉ તો ગાંધીનગરને આંધીનગર તરીકે જ ઓળખવામાં આવતું હતું. પરંતુ કાળક્રમે વધતા વિકાસને પગલે માર્ગો અને મકાનોની સંખ્યા વધતા અગાઉ જેવી આંધી નથી સર્જાતી પણ વાતાવરણ ધુળીયું તો ચોક્કસ બની જાય છે...

# રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે જિલ્લામાં ૧૯૩૦ બાળકોને ૨૫૪ શાળામાં પ્રવેશ મળશે

## ગત વર્ષ કરતાં ૭૦૦ બાળકોને વધુ પ્રવેશ ફાળવવામાં આવ્યો છે : ૨૫મી સુધીમાં વાલીઓને પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે નવા શૈક્ષણિક સત્રમાં ૧૯૩૦ બાળકોને તેમની મનગમતી શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. જે ગત વર્ષ કરતાં ૭૦૦ જેટલા બાળકો વધુ છે.

જિલ્લા શિક્ષણ સમિતિએ આ અંગે જે તે શાળાઓને પ્રવેશ આપવામાં આવે છે તે પ્રકારની યાદી મોકલી આપી છે તો બાળકોને ૨૫મી સુધીમાં જે તે શાળાએ જઈ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા માટેના કાગળો પણ લખી દીધા છે.

શિક્ષણ સમિતિના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવવા માટે ૩૧૦૦થી વધુ અરજીઓ બાળકો તરફથી મળી હતી. જે પૈકી ૧૯૩૦ બાળકોને ૨૫૪ જેટલી શાળાઓમાં આ પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માણસા તાલુકાની ૨૯ શાળાઓમાં ૨૨૦, દહેગામની ૨૯ શાળામાં ૨૧૪, કલોલની ૬૦ શાળામાં ૫૧૧ અને ગાંધીનગરની ૧૩૬ શાળામાં ૯૭૫ બાળકોને પ્રવેશ ફાળવી આપવામાં આવેલ છે.

દરેક શાળાને ડી.પી.ઈ.ઓ.ની સહિ સાથેની બાળકોની યાદી મોકલી આપવામાં આવી છે.

ગત વર્ષે જિલ્લામાં ૧૨૦૦ જેટલા બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. આ વર્ષે આ સંખ્યામાં ૭૦૦ બાળકો અને શાળાની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાં ૧૩૬ શાળાઓને આવરી લેવામાં આવી છે.

# આરટીઓ કચેરીમાં બે વર્ષમાં એક લાખ વાહનોની નોંધણી

## બે વર્ષમાં ૩૮૯૯૩ બાઇક,૨૪૫૮૨ સ્કુટર, અને ૨૫૩૬૧ કાર સહીતના વાહનોની મુખ્યત્વે નોંધણી : શહેરમાં વધતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિક સિનારિયો પણ બદલાયો

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા છેલ્લા બે વર્ષમાં એક લાખ વાહનોની નોંધણી કરવામાં આવી છે. શહેરના માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. જયારે શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમી બનવાની સાથે ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળી રહયા છે. ત્યારે આર ટી ઓ ના ચોપડે વાહન નોંધણીની સંખ્યા ધ્યાને લેતા આગામી બે ચાર વર્ષમાં શહેરમાં મેગાસીટી જેવો જ ટ્રાફિક નજરે પડશે તેમ પણ મનાઇ રહયુ છે.

ગાંધીનગરમાં છેલ્લા એક દાયકમાં વાહનોની સંખ્યા વિશેષ રૂપે વધી છે. જયારે એક જમાનામાં સુમસામ ભાસતી નગરની સડકો પર પુરપાડ દોડતા વાહનો સાથે સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહયો છે.જયારે છેલ્લા બે ત્રણ વર્ષથી પીક અવર્સમાં ટ્રાફિક જામ જોવા મળી રહયો છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક સિગ્નલનો ઉપયોગ પણ અનિવાર્ય થઈ પડયો છે. બીજીતરફ હજુ પણ શહેરમાં ટ્રાફિક નિયમનના નામે મીંડુ ચિતરાયેલુ હોવાનુ સ્પષ્ટ થઈ રહયુ છે. આવા સંજોગોમાં નગરમાં આવતા મુલાકાતીઓની સાથે શહેર તેમજ જિલ્લામાં વાહનોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહયો છે. શહેરમાં છેલ્લા બે વર્ષ દરમિયાન એક લાખ થી વધુ વાહનો આર ટી ઓના ચોપડે નોંધાયા છે. અલબત્ત છેલ્લા બે વર્ષમાં ૧ લાખ ૩ હજાર ૮૪૧ વાહનો આર ટી ઓ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૮ વિજ્ઞાન પ્રવાહની અને ૧ માધ્યમિક શાળાએ ફીના દર ઘટાડ્યા

## ગાંધીનગર શહેરની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલે ૩ થી ૧૦ હજાર સુધીનો ઘટાડો કર્યો તો કલોલની શાળાઓએ ૩ હજારથી ૨૭ હજાર સુધી ફી ઘટાડી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સહિત જિલ્લાની નવ શાળાઓએ વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી માં ઘટાડાની જાહેરાત કરી છે.

ગાંધીનગર જિલ્લામાં આ શાળાઓએ રૂ. ૩ થી ૨૦ હજાર સુધીના ફી માં ઘટાડાની જાહેરાત કરી હોવાનું સત્તાવાર સૂત્રોએ સમર્થન કર્યુ છે.

સે. ૨૫ સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કૂલે તેના માધ્યમિક શિક્ષણમાં રૂ. ૩ હજાર પાંચસોનો ઘટાડો કર્યો છે. આ ઉપરાંત આ જ શાળાએ વિજ્ઞાન પ્રવાહમાં રૂ. ૧૦ હજારનો ઘટાડો કર્યો છે. માધ્યમિક શાળામાં રૂ. ૨૮,૫૦૦ની ફી વસુલવામાં આવતી હતી તેમાં ઘટાડો કરી તે રૂ. ૨૫ હજાર તો વિજ્ઞાન

● અનુસંધાન પાન-૭ પર

# શહેરોના વિકાસ માટેની દૃષ્ટિ અગાઉના શાસકો પાસે ન હતી : નીતિન પટેલ

## છેલ્લા વીસ વર્ષમાં કોઈનો ભ્રષ્ટ્રાચારી પંજો સરકારની તિજોરી પર પડવા દીધો નથી : નાણાંની ખેંચ નથી

ગાંધીનગર, તા. ૧૫

રાજયમાં અગાઉના સત્તાધીશો નગર એટલે નળ-ગટર અને રસ્તાની સુવિધા આપીને જ વ્યાખ્યા કરતા હતા હવે સરકારે આ વ્યાખ્યામાં બદલાવ કરી સર્વાંગી વિકાસની દિશામાં કદમ માંડ્યા હોવાનો દાવો કરી રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોંગ્રેસને આડે હાથ લીધી હતી.

તેમણે તેમના પ્રવચનમાં એવુ પણ કહ્યુ હતુ કે સત્તાધીશો પાસે દૃષ્ટિ કે આયોજન અને લાગણી હતી જ નહિ એટલે કશુ કરી શક્યા નહિ. તેમણે કહ્યુ હતુ કે ૯૫ સુધી શહેરોની સ્થિતિ શું હતી તે તમે જાણો છો અને આજે શું છે તે તમે જુઓ છો.

આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ચેક અર્પણ તેમજ સ્વચ્છતા સર્વેક્ષણમાં ઉત્કૃષ્ટ



કામગીરી કરનાર મહાનગરો અને નગરોના પદાધિકારીઓના સન્માન સમારોહમાં તેઓ બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું કે છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતની તિજોરી પર કોઈનો પંજો પડવા દીધો નથી પણ લક્ષ્મીને પ્રિય કમળ તેના પર શોભી રહ્યુ છે. ગુજરાત સરકારની નાણાંકીય સ્થિતિ

● અનુસંધાન પાન-૭ પર

# રેન્સમવેર વાઈરસથી બચવા સાઈબર ક્રાઈમ દ્વારા હેલ્પલાઈન નંબર

અમદાવાદ,તા.૧૫

સમગ્ર વિશ્વમાં થયેલા સાયબર એટેકના હુમલાથી અમદાવાદીઓમાં ડર ફફડી ઊઠ્યો છે. તો ઈન્ટરનેટ ઉયૂસર પણ ઈન્ટરનેટ માધ્યમ વાપરતા ડરી રહયા છે.અમદાવાદની કેટલીક કંપનીઓ, મોટી મોટી ઓફિસોમાં પણ સાયબર એટેક થયા હોવાની ચર્ચા થઈ રહી છે. સાયબર એટેકની આજે પણ ભીતિ હોઈ લોકો પોતાના કમ્પ્યૂટર્સ અને ઈન્ટરનેટ એક્સેસ કરતા પણ ડરે છે. ઈ-મેઈલથી પણ આ વાઈરસ ત્રાટકતો હોઈ લોકો ઈ-મેઈલ ઓપન કરતા ડરી રહ્યા છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચ દ્વારા બચવાના કેટલાક ઉપાય દર્શાવાયા છે, જેમાં કમ્પ્યૂટરમાં એન્ટી રેન્સમવેર સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવું અને તેને અપડેટ રાખવું. માઈક્રોસોફ્ટનું એમએસ-૧૭-૦૧૦ વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમમાં અપડેટ કરવું. માઈક્રોસોફ્ટના સોફ્ટવેરમાં માઈક્રો ફંકશનને ડિસેબલ કરવું. સમયાંતરે ડેટાનો બેકઅપ લેતાં રહેવું જોઈએ. કમ્પ્યૂટર અને ડેટાને બચાવવા માટે ઈન્ટરનેટ કનેક્શન ડિસકનેક્ટ કરીને રાખવું જોઈએ અને જો સાયબર એટેકથી ઈન્ફેક્ટેડ સિસ્ટમ જણાય તો તેને નેટવર્કમાંથી દૂર કરવી જોઈએ. પોલીસ તંત્રના જણાવ્યા મુજબ આ હુમલાની અસર ગુજરાતમાં પણ થઈ છે. સાઈબર ક્રાઈમ દ્વારા જાહેર કરાયેલાં નંબર ૦૭૯-૨૨૮૬૧૯૧૭અને૦૭૯-૨૫૩૯૮૫૪૯૫૨ નાગરિકો મદદ અને માર્ગદર્શન મેળવી શકશે.

# આજે જિલ્લાનો કૃષિ મહોત્સવ મહેસાણા ખાતે યોજાશે : ૧૦ હજાર ખેડૂતો ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર અને મહેસાણા જિલ્લાનો સંયુકત કૃષિ મહોત્સવ આજે મહેસાણા ખાતે યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૦ હજાર ખેડૂતો ભાગ લેશે.

મહેસાણા ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાયેલ આ કૃષિ મહોત્સવમાં ભાગ લેવા જતા ખેડૂતો માટે ૧૨૦ જેટલી એસ.ટી. બસોની ફાળવણી કરી છે. જેમાં દહેગામ-માણસા ખાતે ૩૦-૩૦ તેમજ ગાંધીનગરમાં ૩૨ અને કલોલમાં ૨૮ બસોની ફાળવણી કરવામાં આવી છે.

કૃષિ વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આત્મા પ્રોજેકટ, પશુપાલન તેમજ સહકાર વિભાગને આ કૃષિ મહોત્સવમાં સાંકળવામાં આવ્યા છે અને તે પણ ખેડૂતો તેમજ સહકારી સંસ્થાના કાર્યકરો અને પશુપાલકોને લઈ આવશે.

આ વખતે સરકારે કૃષિ મહોત્સવના સ્વરૂપમાં ફેરફાર કરીને બે જિલ્લાઓનો સંયુકત કૃષિ મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે. અખાત્રીજના દિવસથી કૃષિ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ અગાઉ દરેક જિલ્લામાં થતો હતો. આ પછી તાલુકાવાર એક મહોત્સવ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે બે જિલ્લા દીઠ એક કૃષિ મહોત્સવ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના ૬ ખેડૂતોનું આ મહોત્સવ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની રકમ ગુડા માળખાગત સુવિધા માટે ખર્ચશે

## ગુડાને મુખ્યમંત્રીએ ૧.૫૦ કરોડનો ચેક આપ્યો : પાણી ગટરના કામોમાં રકમનો ઉપયોગ કરાશે : ચેરમેન આશિષ દવે

ગાંધીનગર તા ૧૫

રાજય સરકાર દ્વારા વિકાસ યોજના અંતર્ગત વિકાસ કામગીરીને વેગ આપવા માટે સ્થાનિક



ઓથોરીટીને ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ગાંધીનગરમાં કોર્પોરેશન તેમજ ગુડાને પણ આ માટે વિશેષ રકમની ફાળવણી કરવામાં આવી છે. આજે મુખ્યમંત્રીના હસ્તે ગુડાના ચેરમેનને ૧.૫૦ કરોડનો ચેક આપવામાં આવ્યો હતો. આ રકમમાંથી ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવશે તેમ પણ ચેરમેને જણાંવ્યુ છે. અલબત્ત પાણી ગટરના કામોમાં આ રકમનો ઉપયોગ કરવામાં આવશે.

ગુડા વિસ્તારમાં વિકાસની નવી યોજનાને આખરી કરી દેવાઈ છે. ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં પાણી ગટર અને રસ્તા ઉપરાંત સ્ટ્રીટ લાઈટના કામો હાથ ધરવામાં આવ્યા છે. નવા જી ડી સી આરને મંજુરી આપી દેવાતા ન્યુ ગાંધીનગરમાં વિકાસ કામોને નવો અંજામ મળશે. જયારે આગામી દિવસોમાં નવા પ્રોજેકટના આધારે હાઈટેક વિકાસના દ્રષ્ટીકોણ સાથે કાર્યયોજનાઓ અમલી બનશે તેવી આશા પણ બંધાઈ છે. ત્યારે ગુડા વિસ્તારમાં આગામી દાયકાઓને ધ્યાને લઈ માળખાગત સુવિધા ઉભી કરવા માટે તબક્કાવાર વિવિધ કામો હાથ ધરવામાં આવી રહયા છે. હાલ ગુડાની જુદી જુદી ટી પી વિસ્તારમાં પાણી ગટરના કામો

● અનુસંધાન પાન-૭ પર


**ટ્યુબવેલ (પાતાળકૂવો) બનાવવાના ભાવપત્રક મંગાવવા અંગે નોટીસ**

આથી ટ્યુબવેલ (પાતાળકૂવો) બનાવતી નોંધાયેલ કંપનીઓ (કોન્ટ્રાક્ટરો) પાસેથી અમારી સંસ્થાના કેમ્પસ ઉપર એસ્બેસ્ટોસ (સિમેન્ટ પાઈપ) ૧૫ ક્લાસ I.S.I. પાઈપનો ૧૨ ઈંચ ડાયામીટરનો ટ્યુબવેલ (પાતાળકૂવો) સ્ટાન્ડર્ડ નોર્મ્સ મુજબ (૮૦૦ ફૂટથી ૧૦૦૦ ફૂટ અંદાજીત ઉંડાઈવાળો) બનાવવા અંગે ભાવપત્રક મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતી કંપનીએ (કોન્ટ્રાક્ટરે) તમામ વિગત સાથે બંધ કવરમાં નીચે દર્શાવેલ સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૫ (પાંચ)માં ભાવપત્રકો મોકલી આપવા. કોઈપણ એક ભાવપત્રક મંજુર કરવું કે તમામ ભાવપત્રકો નામંજુર કરવા તેનો તમામ અબાધિત અધિકાર સંસ્થા ધરાવે છે.

**ગ્રામ-સેવા મંદિર - નારદીપુર**
કલોલ-માણસા રોડ, જી.ઈ.બી. સામેનું શિક્ષણ સંકુલ, તા. કલોલ, જી. ગાંધીનગર, પીન કોડ ૩૮૨૭૩૫, મો. ૯૪૨૬૦ ૨૩૫૪૯



**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



**ઘાસ વગરનું ગાયનું છાણીયું ખાતર વ્યાજબી ભાવે મળશે**
રાચરડા (ડાભલા), થોળ પાસે
સંપર્ક
મો. : ૯૪૨૬૭૦૭૭૮૬, ૯૪૨૮૩૫૨૬૩૪, ૯૭૨૬૯૪૫૫૨૦



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



**પ્રવેશ ચાલુ છે - સને ૨૦૧૭-૧૮**
**સી. કે. પટેલ કોલેજ, પ્રાંતિજ**
P.T.C., B.C.A., M.S.W.
**એક્સપેરિમેન્ટલ કોલેજ, પ્રાંતિજ**
B.Ed. અને M.Ed., NCTE, NAAC
ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને સરકાર માન્ય સ્વનિર્ભર કોલેજ
ઓનલાઈન પ્રવેશ
S.C., S.T. વિદ્યાર્થીઓએ સ્કોલરશીપમાંથી ફી ભરવાની રહેશે.
તાત્કાલિક સંપર્ક કરો. : મો. ૯૪૨૬૦ ૩૬૬૮૩



**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com